જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૮/૧૨/૨૦૧૭ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૫૩૪/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૪૬ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી, ૧૩૮ લીટર દેશી દારૂ, ૫૬૭ બોટલ ઇંગ્લીશ દારૂ, ૪૦ ક્વોટર ઇંગ્લીશ દારૂ, ૨૪૦ બીયરટીન, ૦૧ કાર અને ૦૨ એક્ટીવા કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી, ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪,૪૯૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૫૩૫/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૯૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**વાહન ચોરી :-** **સમાચાર યાદી નં.૨૫૩૬/૧૭**

**ચાંદખેડા :** રાજુભાઇ શંકરભાઇ પરમાર (ઉ.વ.૨૬)(રહે,ગણેશનગર પાણીની ટાંકી પાસે, નર્સરી ચાંદખેડા) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૧૨/૧૭ રાતના ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘર નજીક પોતાની સીએન.જી. ઓટોરીક્ષા નંબર જીજે.૦૧.ડી.વાય.૭૬૬૭ કિંમત રૂપીયા ૭૦,૦૦૦/- પાર્ક કરી મુકી હતી જેની ચોરી તા.૧૬/૧૨/૧૭ સવારના ૭/૩૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી કે.આર.પટેલ ચલાવે છે.

**દાઝી જતાં મૃત્યુ:-** **સમાચાર યાદી નં.૨૫૩૭/૧૭**

**વેજલપુર :** ઉમરભાઇ ગનીભાઇ ચોપડા (ઉ.વ.૬૨)(રહે,સંકલીતનગર જુહાપુરા) તા.૦૩/૧૨/૧૭ ના કલાક ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગરમ પાણીની તપેલી લેવા જતા, ગરમ પાણી શરીર પર પડતા, શરીરે ગંભીર રીતે દાઝી જતાં, સારવાર માટે તેમને વા.સા.હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૭/૧૨/૧૭ ના કલાક ૨/૪૫ વાગે ઉમરભાઇનું મૃત્યુ નિપજ્યુ હતુ આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રભાતસિંહ જવાનસિંહ ચલાવે છે.

**પાણીની ટાંકીમાં પડી જતાં મૃત્યુ:-** **સમાચાર યાદી નં.૨૫૩૮/૧૭**

**એલીસબ્રીજ :** યુવરાજ S/O ભરતભાઇ જાદવ (ઉંમર:- ૩ વર્ષ ૫ મહિના)(રહે,મહેનતપુરા આંબાવાડી આંબેડકર કોલોની એલીસબ્રીજ) તા.૧૭/૧૨/૧૭ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે રમતા રમતા પાણીની કુંડીમાં પડી જતાં, સારવાર માટે તેને વા.સા.હોસ્પીટલમાં લઇ જતાં ફરજ પરના ડૉશ્રી એ યુવરાજને મૃત જાહેર કર્યો હતો આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અંબારામ નાગજીભાઇ ચલાવે છે.

**ચોથા માળેથી પડી જતાં મૃત્યુ:-** **સમાચાર યાદી નં.૨૫૩૯/૧૭**

**ચાંદખેડા :** મોનુસીંગ સ/ઓ સેવારામ કુશવાહ (ઉ.વ.૧૯)(રહે,લેબર કોલોની ગોદરેજ ગાર્ડન સીટી, જગતપુર)તા.૧૬/૧૨/૧૭ સાંજના કલાક ૫/૩૦ વાગ્યાના સુમારે જગતપુર ગોદરેજ ગાર્ડન સીટી વુંદાવન ટાવરખાતે ચોથા માળે કલરકામ કરતા હતા દરમ્યાન ચોથા માળે થી નીચે પડી જતાં, શરીરે ગંભીર ઇજાઓ થતા તેમને સારવાર માટે ચાંદલોડીયા સિલ્વર સ્ટાર હોસ્પીટલ ખાતે લઇ જતાં, ફરજ પરના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રવિણભાઇ જં યતીભાઇચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૨૫૪૦/૧૭**

**કૃષ્ણનગર :** કીરણ સુધીરભાઇ વાનખેડે(ઉ.વ.૨૦)(રહે,સુરભી શીલાલેખ સોસાયટી, કઠવાડા રોડ નરોડા) એ કોઇ અગમ્ય કારણસર તા.૧૭/૧૨/૧૭ બપોરના ૩/૦૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હુક સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી છે. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એમ.ચૌહાણ ચલાવે છે.

**ખોખરા :** રંજનાબેન ડૉ/ઓ બબલુભાઇ બિટોરીયા(ઉ.વ.૧૮)(રહે,ભાવનાનગર દેશમુખવાડી પાસે ખોખરા) એ કોઇ અગમ્ય કારણોસર તા.૧૭/૧૨/૧૭ ના કલાક ૧૧/૩૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે મુખ્ય દરવાજા ઉપરઆવેલ જાળી સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી છે. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.મકવાના ચલાવે છે.

**રામોલ :** આશાબેન વા/ઓ રવિભાઇ વાઘેલા (ઉ.વ.૩૯)(રહે,શ્રીનંદસીટી વિભાગ-૧ ન્યુ મણીનગર રામોલ) એ કોઇ અગમ્ય કારણોસર તા.૧૨/૧૨/૧૭ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે એસીડ પી લેતા, સારવાર માટે તેમને વા.સા.હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૭/૧૨/૧૭ ના કલાક ૦૬/૪૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુઆ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી શૈલેષભાઇ રણછોડભાઇ ચલાવે છે.

**કાગડાપીઠ :** જીગીશાબેન મહેશભાઈ ચાવડા (ઉ.વ.૧૬)(રહે,બ્લોક નં.૩ કે.કા.શાસ્ત્રીનગર બીગ બજાર પાછળ રાયપુર) એ કોઇ અગમ્ય કારણોસર તા.૧૭/૧૨/૧૭ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી છે. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.બી.ખરાડી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.